ચાંલ્લો નહી આપો તો ચાલશે, મોદીને વૉટ આપજો..!!!

ગાંધીનગર, તા. ૨

આ વખતે વર્ષ ૨૦૧૯માં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અત્યંત રસપ્રદ બનવાની છે જેની શરૂઆત હજુ ચૂંટણીઓની તારીખો જાહેર થવામાં ઘણો સમય બાક હોવા છતાં થઈ ગયેલી જોવા મળે છે. આ અસરના પ્રભાવમાં એક ''મોદી ભક્ત'' પરિવારે તેમના સંતાનની લગ્નની કંકોત્રીમાં ''ચાંલ્લો નહી આપો તો ચાલશે, પણ મોદીને વોટ આપજો'' તેવા અર્થનું લખાણ છપાવી દીધુ છે.



એક તરફ શહેરમાં લગ્નસરાની મૌસમ જામી રહી છે ત્યારે બીજી તરફ દેશભરમાં આગામી લોકસભાની ચૂંટણીઓનો માહોલ અત્યારથી જ જામવા લાગ્યો છે અને આ ચૂંટણીઓ મોદી ભક્તો અને 'મોદી વિરોધીઓ' વચ્ચે યોજાઈ રહી હોય તેવુ ભાસી રહ્યું છે. જ્યાં રાજકીય પક્ષોનો પણ એજન્ડા ''ક્યાં તો મોદીને પુનઃ લાવવા, ક્યાં તો મોદીને હટાવવા'' પુરતો જ સિમિત બની રહ્યો છે ત્યારે દેશનો સામાન્ય નાગરિક પણ આ પ્રભાવથી દૂર નથી. ગાંધીનગરમાં તો એક મોદી ભક્ત પરિવાર એટલી હદે લોકસભાની ચૂંટણીઓ માટે ચિંતિત બન્યો છે કે પોતાના સંતાનની લગ્નની કંકોત્રી પણ બાકાયદા છપાવી દીધું છે કે ''તમે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મોદીને વોટ આપશો તે જ અમારી ગીફ્ટ'' આમ લખી તેઓ આગામી લોકસભાની ચૂંટણીઓમાં નરેન્દ્ર મોદી તરફી વોટીંગ કરવા અનુરોધ કરી પોતાની ''મોદી ભક્તિ'' પ્રદર્શિત કરી રહ્યાં છે.

આજથી રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ

મુખ્યમંત્રી સાગરકાંઠાના જિલ્લા પોરબંદરથી કરાવશે શુભારંભ : નાયબ મુખ્યમંત્રી મહેસાણા જિલ્લામાં ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ ગુરૂવાર તા.૩ જાન્યુઆરી-૨૦૧૯ના પોરબંદરથી રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાના ૧૧માં ચરણનો પ્રારંભ કરાવશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અંત્યોદય-છેવાડાના માનવીના સર્વાંગી ઉત્થાન અને ગ્રામ સ્વરાજના ઉદ્દેશોને પાર પાડવા ૨૦૦૯થી ગરીબોના સશકિતકરણ માટેનો આ સેવા યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારની વિવિધ વ્યકિતલક્ષી સહાયના લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળા દ્વારા એક જ છત્ર-અંડર વન વન અમ્બ્રેલા બધા લાભ કોઈપણ જાતના વચેટિયા વગર સીધા પારદર્શી રીતે મળી રહે તે હેતુસર વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ આ ગરીબ કલ્યાણ મેળાનો નવતર અભિગમ વિકસાવેલો છે.

૨૦૦૯થી શરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળાઓમાં અત્યાર સુધીમાં ૧૦ ગરીબ કલ્યાણ મેળાની રાજ્યવ્યાપી શૃંખલામાં ૧૪૯૧ મેળાઓ દ્વારા ૧.૩૪ કરોડ લાભાર્થીઓને રૂ. ૨૩૮૮૯.૬૨ કરોડની સાધન-સહાય પૂરી પાડવામાં આવી છે.

આ મેળાઓમાં સમગ્રતયા ૧૩.૯૨ લાખ અનુસૂચિત જાતિ, ૩૪.૫૯ લાખ અનુસૂચિત જનજાતિ તથા ૬૨.૫૫ લાખ મહિલા લાભાર્થીઓને પણ આવરી લેવાયા છે.

આ વર્ષે ગરીબ કલ્યાણ મેળાની ૧૧મી કડી તા.૩-૪-૫ જાન્યુઆરી-૨૦૧૯ એમ ત્રણ દિવસો દરમ્યાન રાજ્યમાં યોજાશે. આ ૧૧મી કડીમાં અંદાજે ૧૧ લાખ ૮૩ હજાર લાભાર્થીઓ-દરિદ્રનારાયણને રૂ. ૨૩૦૭ કરોડના સાધન-સહાયનું રાજ્યવ્યાપી વિતરણ થવાનું છે. ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ પ્રાંત, તાલુકા, નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓમાં પણ આ મેળાઓ યોજવામાં આવશે.

મુખ્યમંત્રી આવતીકાલે ગરીબ કલ્યાણ મેળાના રાજ્યવ્યાપી પ્રારંભે સૌરાષ્ટ્રના સાગરકાંઠાના જિલ્લા પોરબંદરમાં તેમજ તા.૪ જાન્યુઆરીએ અછતગ્રસ્ત વિસ્તાર કચ્છના ભૂજ ખાતેના ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રહી સાધન-સહાયના લાભોનું વિતરણ કરશે.

તેઓ પોરબંદરમાં કુલ ૩૪૧૪ લાભાર્થીઓને રૂ. ૧૨ કરોડ ૭૪ લાખની સહાય-સાધન આવતીકાલે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી આપવાના છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તા.૩ જાન્યુઆરીએ મહેસાણામાં તથા તા.૪ જાન્યુઆરીએ અમદાવાદ મહાનગરના ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રહેશે.

રાજ્યના ગરીબી રેખા હેઠળના લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવા માટે અને તેમનો સર્વાંગી વિકાસ કરી સ્વનિર્ભર બનાવવાના આશયથી આ વર્ષે રૂ. ૨૦ હજાર સુધીની મર્યાદામાં આખા આંટાનું સિલાઈ મશીન, કડીયાકામની કીટ, પ્લમ્બર અને વેલ્ડરો માટે નવી ટેકનોલોજી પ્રમાણેના સાધનો તથા ખાસ કરીને મહિલાઓ રાજ્યની આર્થિક પ્રગતિમાં સ્વમાનભેર ભાગીદાર થાય તે માટે સખીમંડળોને રૂ. ૪૭૦૦૦ની મર્યાદામાં પેપર કપ, પેપર ડીશ, મસાલા યુનિટ, બ્યુટી પાર્લર, મસાજ વગેરે કીટની સહાય આપવામાં આવશે.

પતિના આડા સંબંધોના ત્રાસથી કંટાળીને પત્નીએ કેનાલમાં ઝંપલાવ્યુ

ચિલોડા પાસે આવેલા પ્રાંતિયા ગામના મહાદેવપુરા વિસ્તારની ૨૦ વર્ષીય પરિણીતાએ પોતાના પતિના ત્રાસથી કંટાળીને ચાર દિવસ પહેલા લીંબડીયા નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો તેણીના પતિને પરસ્ત્રી સાથે આડા સંબંધો હોવાની વાત ખુલ્લી પડી ગઈ હતી. જેને પગલે તેનો પતિ મારઝુડ કરી અવારનવાર શારિરીક માનસિક ત્રાસ આપતો હતો. આખરે કંટાળીને પરિણીતા લીંબડીયા નર્મદા કેનાલ પહોંચી ગઈ હતી અને કેનાલ પાસે જઈને તેના કાકાને ફોન કર્યો હતો કે પતિના ત્રાસથી કંટાળીને કેનાલમાં પડતું મુકું છું. પોતાનો મોબાઈલ અને ચપ્પલ કેનાલની પાળીએ મૂકીને પરિણીતાએ કેનાલમાં છલાંગ લગાવી મોતને વ્હાલુ કરી દીધું હતું. ૩૧ ડિસેમ્બરે તેણીનો મૃતદેહ કલોલ પાસે સબાસપુર કેનાલમાંથી મળી આવ્યો હતો. આ મામલે ડભોડા પોલીસે પરિણીતાના પિતાની ફરીયાદના આધારે પતિ સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પ્રાંતિયાના મહાદેવપુરા વિસ્તારમાં રહેતા મહોતજી માલાજી ઠાકોરે તેમની ૨૦ વર્ષીય પરિણીત દીકરીના આપઘાત મામલે ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. મહોતજીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની દીકરી સુજનના લગ્ન અમદાવાદના કોતરપુર વિસ્તારમાં રહેતા અજય દશરથજી ઠાકોરની સાથે થયા હતા. દસેક મહિના પહેલા સુજનને ખબર પડી હતી કે તેના પતિને પર સ્ત્રી સાથે આડા સંબંધ છે. આ વાત નો ખ્યાલ આવતા સુજન પિયર આવી ગઈ હતી. જો કે કુટુંબ મેળે સમાધાન કરીને ફરી આવું નહીં થાય તેમ કહી પતિ સુજનને તેડી ગયો હતો. જોકે ત્યાર બાદ પણ પતિના આડાસંબંધ રહેતા સુજન દસેક દિવસ પહેલાં પિયર આવી ગઈ હતી.

ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા (ગેરી) માંથી ૩૬ વર્ષની દીર્ઘ ટેકનીકલ કામગીરી કરીને દિપેશ પટેલ તા.૩૧ ડિસેમ્બરના રોજ વય નિવૃત થતા તેમના માટે સંસ્થા દ્વારા ભવ્ય વિદાય સમારોહનું આયોજન ગાંધીનગર ખાતે કર્યું હતું.આ પ્રસંગે સંસ્થાના જોઈન્ટ ડાયરેકટર પી.કે.નલવાયા, તેમજ તેમના નજીકના સ્નેહી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી હિમાંશુ પટેલ, મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા અને નિવૃતીની શુભેચ્છા આપી હતી. દિપેશભાઈ પટેલ લાયન્સ કલબ ઓફ ગાંધીનગર, ભારત વિકાસ પરિષદ, ચારૂતર પાટીદાર સમાજ જેવી ઘણી સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલ છે. આ સંસ્થાઓમાં તેઓ ફુલટાઈમ વેગવંતી સેવાઓ બજાવવાની ઈચ્છા વ્યકત કરી હતી. સાથે સાથે દેશ વિદેશના પ્રવાસો કરી વિવિધ કલા સંસ્કૃતિ અને પર્યાવરણને માણવાનો શોખ પૂર્ણ કરવાની ઈચ્છા વ્યકત કરી હતી.આ પ્રસંગે મોટીસંખ્યામાં સાથી કર્મચારી ભાઈ બહેનો હાજર રહ્યા હતા અને દિપેશ પટેલને શુભેચ્છાઓ પાઠવી હતી.

ગેજીયા ઈન્ટર સ્પોર્ટ ટુર્નામેન્ટ સંપન્ન

ગેજીયા ઈન્ટર સ્પોર્ટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૮-૧૯ નું આયોજન ગેજીયા ગાંધીનગર દ્વારા તા. ૧૫-૧૨-૨૦૧૮ થી તા. ૨-૧-૨૦૧૯ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિકેટ તેમજ વોલીબોલ સહિતની વિવિધ રમતોનો સમાવેશ કરાયો હતો. જેમાં ક્રિકેટ વિભાગમાં ૩૭ તેમજ વોલીબોલની રમતમાં ૧૦ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે આજે ગેજીયા ઈન્ટર સ્પોર્ટ ટુનાર્મેન્ટના સમાપન પ્રસંગે વિજેતા ટીમોને ટ્રોફી તેમજ સર્ટીફિકેટ આપીને સન્માનિત કરાયા હતા. આ રમોત્સવમાં વિજેતા ક્રિકેટ ટીમ તરીકે ડી.મેક ગ્રુપ, બી-૧૨૩, તથા રનર્સ અપ વિજેતા તરીકે અભિનવ ઈલેકટ્રોનીકસ બી-૩૭ જીઆઈડીસી એસ્ટેટ વિજેતા ટીમ તરીકે જાહેર થઈ હતી. જયારે વોલીબોલ ટુર્નામેન્ટમાં લીગલકાર ઈલેક્ટ્રોનીકસ ઈ-૧૪૩ તથા રનર્સઅપ ટીમ તરીકે ભવાની ઈલેકટ્રીકસ બી-૧૯૨, ટીમ વિજેતા બની હતી.વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરાઈ હતી. આ પ્રસંગે ગેજીયા પ્રમુખ સમીર ત્રિવેદી, ઉપપ્રમુખ ચાણક્ય પટેલ, સેકેટરી નિતેશ પટેલ, ડાયરેકટર રાહુલ મહેતા, અને અન્ય બોર્ડ ઓફ ડીરેકટર્સ, ગેજીયા કમિટી, મેમ્બરો અને જીઆઈડીસી રીજીયોનલ મેનેજર આર.કે. પટેલ, ડી.ઈ.મેણાત હાજર રહ્યા હતા.

કેનેડાના વિઝાના બહાને ખેડૂત સાથે ૬.૮૬ લાખની છેતરપિંડી

સેક્ટર-૧૧માં ઓફિસ ખોલીને બેસેલા બે ભાઈઓએ ભોળા ખેડુતોને ચુનો લગાવ્યો : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨

કેનેડાના કાયમી વિઝા અપાવવાના બહાને સાબરકાંઠાના ભોળા ખેડુત સાથે રૂ.૬.૮૬ લાખની છેતરપિંડી કરવામા આવી હોવાની ફરિયાદ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે. સેક્ટર-૧૧માં આવેલા ઓશિયન ક્રોશ ઈમિગ્રેશન સર્વીસ ચલાવતા બે ભાટીયા બંધુઓ સામે ખેડુતે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો છે. સમગ્ર કેસની તપાસ પીએસઆઈ એસ. ડી. ચૌધરીએ શરુ કરી છે. તો બીજી તરફ આ ગુનાના બે આરોપીઓ પૈકી એક આરોપી મહેન્દ્રભાઈ ભાટીયા પરિવાર સાથે કેનેડા જતો રહ્યો હોવાનુ જાણવા મળ્યુ છે.

સાબરકાંઠા જિલ્લાના ભાણપુર ગામના ખેડૂત મયુરભાઈ રમેશભાઈ પટેલે સે-૭ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમને કેનેડા જવાનું હોવાથી ૨૦૧૫માં ગાંધીનગરની એક ઈમિગ્રેશન સર્વિસની ઓફિસે આવ્યા હતા. સે-૧૧ સ્થિત હોટેલ હવેલી પાસે ઓશિયન ક્રોશ ઈમિગ્રેશન સર્વીસનું બોર્ડ જોતા ત્યાં ગયા હતા. હવેલી આર્કેડ બિલ્ડિંગના છઠ્ઠા માળે આવેલી ઓફિસમાં મહેન્દ્રભાઈ ડી. ભાટીયા અને દેવેન્દ્રભાઈ ડી. ભાટીયાને મળ્યા હતા. આ બંને ભાઈઓ ગાંધીનગર શહેરના સે-૫ એ ખાતે પ્લોટ નંબર-૧૨૮૦/૨ માં રહેતા હતા. ડિસેમ્બર ૨૦૧૫માં તેઓએ કન્સલ્ટીંગ ચાર્જ પેટે દોઢ લાખ રૂપિયા રોકડા લઈને ખેડુતને કેનેડાના કાયમી વિઝા માટે પાકો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યાર બાદ ૧૫ દિવસ પછી તેમનો ફોન આવ્યો હતો જેમાં કુલ ૭ લાખનો ખર્ચ બતાવી એન્ડવાન્સ પૈસા માંગતા ખેડુતે બે લાખ રોકડા અને ૩ લાખ અને ૩૬ હજાર એમ બે ચેક આપ્યા હતા. તબકકાવાર કુલ ૬.૮૬ લાખ લીધા બાદ તેઓએ ૬ મહિનામાં વર્ક પરમીટ વિઝા અપાવી દેવાની ખાતરી આપી હતી. ૧૫ મહિનાનો સમય વિતી જવા છતા વિઝા ન મળતા ખેડુતે જુલાઈ-૨૦૧૭માં ગાંધીનગર ઓફિસ આવીને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, મહેન્દ્રભાઈ ભાટીયા પરિવાર સાથે કેનેડા જતો રહ્યો છે. ખેડુતે તેમના ભાઈ દેવેન્દ્રભાઈનો સંપર્ક કરતાં તેમણે પોતાના ભાઈ પર વિશ્વાસ રાખવાની વાત કરી હતી. કેનેડાના વિઝા ન મળતા ખેડુત મયૂરભાઈ પટેલે બંને ભાઈઓ પાસેથી પૈસા પાછા માગ્યા હતા. મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરતાં તેમણે અમેરિકામાં વર્કપરમીટ વિઝા અપાવવાની વાત કરીને પહેલાં વર્ક પરમીટ વિઝા લેવાની વાત કરી હતી. જેને પગલે ફરિયાદી મુંબઈમાં સપ્ટેમ્બર-૨૦૧૮માં ઈન્ટરવ્યૂ માટે ગયા હતા જ્યાં તેમને વિઝીટર વિઝા મળી ગયા હતા. ત્યાર બાદ મહેન્દ્રભાઈએ ફોન કરીને ખેડુતને કહ્યું હતું કે, 'તમે યુએસ આવી જાવ હું તમને વિઝીટર વિઝાને સ્ટુડન્ટ વિઝામાં બદલી આપીશ' જો કે ખેડુતે તેની ના પાડી હતી. સપ્ટેમ્બર-૨૦૧૮માં આરોપી મહેન્દ્રભાઈએ ખેડુત પાસે ઈ-મેઈલ દ્વારા વિઝટર વિઝાના અલગથી ૮ લાખ રૂપિયા આપીને પોતાના ભાઈ દેવેન્દ્રભાઈ પાસેથી પાસપોર્ટ લઈ જવાનું કહ્યું હતું. ત્યાર બાદ દેવેન્દ્રભાઈએ અવાર-નવાર ૮ લાખની ઉઘરાણી કરીને 'પૈસા નહીં આપો તો કોઈપણ દેશમાં નહીં જવા દઉં અને વિઝિટર વિઝા કેન્સલ કરાવી દઈશ' તેવી ધમકી આપી હતી. પોતાની સાથે ચિટીંગ થઈ હોવાનો અંદાજ આવી જતા સમગ્ર મામલે સે-૭ પોલીસ મથકમાં બંને આરોપીઓ સામે ખેડુતે ફરિયાદ નોંધાવી છે.

પેથાપુરના ઉર્જાનગર-૩માં દરોડો પાડી પોલીસે મકાનમાંથી દારૂનો જથ્થો પકડયો

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર પાસે ઉર્જાનગર-૩ ખાતે એક મકાનમાં બુટલેગરોએ દારૂ સંતાડયો હોવાની માહિતીને આધારે પેથાપુર પોલીસે ગઈકાલે દરોડો પાડી દારૂની બોટલનો જથ્થો પકડી પાડયો હતો. પેથાપુર પોલીસે દરોડો પાડીને મકાનમાંથી ૧૯ નંગ બોટલ પકડી પાડી હતી. પોલીસે દારૂ સહિત ત્રણ બુટલેગરોની ધરપકડ કરી દીધી હતી. દારૂની બોટલો ઉપરાંત મોબાઈલ અને રોકડ મળી પોલીસે કુલ રૂ.૩૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પેથાપુરના ત્રણેય શખ્સોની ધરપકડ કરીને તમને સઘન પુછપરછ શરૂ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચનાથી જિલ્લામાં દારુ-જુગારની પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા પોલીસ સક્રિય છે ત્યારે ગઈ કાલે પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.જી. એનુરકાર પોતાની ટીમ સાથે પેથાપુર ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ જયદીપસિંહને બાતમી મળી હતી કે, ઉર્જાનગર-૩ના મકાન નંબર-૪૪માં દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો છે.

રાહત થશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પત્રકમાં લાગુ કરાતી લેઈટ ફી , જી એસ ટી રીફંડ માટે સિંગ્લ વિન્ડો સિસ્ટમ વર્ષ ૨૦૧૭-૧૮ની બાકી રહેતી ઈનપુટ ક્રેડીટ૩૧ માર્ચ સુધી માંગવાની છુટ, વાર્ષિક પત્રકો અને રિકન્સિલેશન સ્ટેટમેન્ટમાં સુધારા સહીતની માંગણીઓનો સમાવેશ થાય છે. જયારે આ માંગણીઓ સ્વીકારવાથી વેપારીઓને અનેક પ્રકારની રાહત થશે. તેમણે આ માંગણીઓ સ્વીકારવામાં આવતા તેનો શ્રેય દરેક વ્યવસાયિકોના શિરે ધરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, જી એસ ટી કાઉન્સિલના સભ્ય ડો પી ડી વાઘેલા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

પ્રવેશ કાર્યવાહી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ના સર્જાય તે માટે પણ સત્તાવાળાઓએ કમર કસી છે. ગત વર્ષે પ્રવેશ પ્રક્રિયામાં મોડું થવાના કારણે એક તરફ રાજ્યની પ્રાથમિક ખાનગી શાળાઓમાં ૩૩,૮૮૩ સીટ ખાલી પડી રહી હતી તો બીજી તરફ ૨૯,૨૮૯ બાળકો શાળામાં આરટીઈ અંતર્ગત પ્રવેશને લાયક હોવા છતાં એડમિશનથી વંચિત રહી ગયા હતા અનેક ગૂંચવાડાઓ બાદ વાલીઓને કંટાળીને છેવટે અન્ય ખાનગી શાળાઓમાં તેમના બાળકોને એડમિશન અપાવવાની ફરજ પડી હતી. રાજ્યભરની શાળાઓમાં આરટીઈ અંતર્ગત પ્રવેશ માટે એપ્રિલ મહિનામાં ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરવામાં આવતી હોય છે, તેના પગલે જૂન-જુલાઈ સુધી પ્રવેશ પ્રક્રિયા બેથી ત્રણ તબક્કામાં ચાલે છે. ચાલુ વર્ષે આરટીઈના ફોર્મ વહેલાં ભરવાની શરૂઆત કરી દેવામાં આવશે. ગત વર્ષે આરટીઈ અંતર્ગત પ્રવેશ મળવા બાબતે પ્રક્રિયામાં ખૂબ મોડું થયું હોવાની ફરિયાદો ઊઠી હતી.

ડિલિવરી બોયઝ...

● **ત્રીજા પાનાનું ચાલુ**

સરગાસણ કુડાસણ રોડ પર આવેલી આસ્કા હોસ્પીટલની સામેની દિલ ખુશ રેસ્ટોરન્ટ પાસે ઊભો હતો. જયદીપ સાથે થયેલી ટેલિફોનિક બોલાચાલી બાદ સાડા દસ વાગ્યાના અરસામાં જયદીપ ઉપરાંત પેથાપુરનો યસ રાઠોડ તથા અન્ય બે શખ્સો દિલ ખુશ રેસ્ટોરન્ટ પાસે પહોંચી ગયા હતા. ત્યારબાદ શનિ પટેલને હોટલની બહાર બોલાવીને ચારેય શખ્સોએ મળીને ઢીબી નાખ્યો હતો. મારઝૂડ કર્યા બાદ રેસ્ટોરન્ટની પ્લાસ્ટિકની ખુરશીઓ પકડીને તેનાથી પણ સની પટેલ પર હુમલો કરવામાં આવ્યો હતો. સનીને લોહીલુહાણ હાલતમાં છોડીને ત્યાંથી ચારેય હુમલાખોર શખ્સો રફુચક્કર થઈ ગયા હતા. સનીના મિત્રો ત્યાં આવી પહોંચ્યા હતા અને ત્યાંથી સનીને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. સારવાર લીધા બાદ સની પટેલે આ મામલે ચારેય શખ્સો સામે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ચારેય શખ્સોની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

પડકાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. પ્રશ્ન એ થાય છે કે, પારીકરના રુમમાં કઈ પ્રકારન માહિતી છે અને કઈ ફાઈલો છે જેની અસર મોદી ઉપર થઈ રહી છે. પોતાના ભાષણમાં જેટલીએ કહ્યું હતું કે, કોંગ્રેસની પાસે ૧૬૦૦ કરોડ રૂપિયા નંબર ક્યાંથી આવ્યા છે. જેટલીના ભાષણને સંભળાવતા રાહુલે કહ્યું હતું કે, ૫૮૦૦૦ કરોડ રૂપિયાની સોદાબાજી છે. આમાથી ૩૬ને ભાગ કરવામાં આવશે તો ૧૬૦૦ કરોડ રૂપિયાનો હિસાબ આવે છે. જેટલી પોતે જ કહી ચુક્યા છે કે આ કોનો નંબર છે. રાહુલે કહ્યું હતું કે, પ્રશ્ન એ થાય છે કે, જે કિંમતો બદલવામાં આવી છે તે કિંમત અરુણ જેટલી પોતે જ બતાવી રહ્યા છે. કિંમતને ૫૨૬ કરોડ રૂપિયાથી વધારીને ૧૬૦૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે. આ પ્રક્રિયા કોણે કરી છે અને કઈ રીતે કરાઈ છે તેમાં તપાસની જરૂર છે. એરફોર્સે આને ફગાવી દેવામાં આવી હતી. પૂર્વ ડિફેન્સ મિનિસ્ટર સાફ શબ્દોમાં સંકેત આપી રહ્યા છે કે, તેમને નવી ડિલને લઈને કોઈપણ પ્રકારની માહિતી નથી પરંતુ કેબિનેટ મિટિંગમાં કહે છે કે, તેમની પાસે પૂર્ણ માહિતી છે. આનો મતલબ એ છે કે, નરેન્દ્ર મોદીએ પ્રક્રિયા બદલી નાંખી હતી.

ભયભીત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હિસ્સાને જોઈ ચુક્યા છે જેમાં મોદી કહી રહ્યા છે કે, તેમના ઉપર કોઈપણ આરોપ નથી. રાહુલે કહ્યું હતં કે, આ વાત ખોટી છે. રાફેલને લઈને વાસ્તવિકતા સમગ્ર દુનિયા જાણવા ઈચ્છુક છે. આજે મિડિયામાં ગોવાના એક મંત્રીની ટેપ રેકોર્ડિંગ સપાટી ઉપર આવી છે. રાહુલે ટેપ ચલાવવાની માંગ કરી હતી જેનો જેટલી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યા ત્યારે ભારે ખળભળાટ મચી ગયો હતો. રાહુલ ગાંધીના નિવેદન વેળા સ્પીકરે કોંગ્રેસ અધ્યક્ષને રોક્યા હતા અને ધાંધલ ધમાલ શરૂ થઈ ગઈ હતી. છેલ્લે રાહુલને ટેપ ચલાવવાની મંજુરી આપવામાં આવી ન હતી. રાહુલે કહ્યું હતું કે, શાસક પક્ષના લોકો ભયભીત છે. આ બાબતને તેઓ જાણે છે જેથી તેઓ ટેપ ચલાવશે નહીં.

ખુબ સસ્તી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

યુપીએના સમયથી ૨૦ ટકા સસ્તી છે. અરુણ જેટલી સરકાર તરફથી મોરચા સંભાળતા નજરે પડ્યા હતા. અરુણ જેટલીએ કહ્યું હતું કે, કેટલાક લોકો વાસ્તવિકતાથી નફરત કરે છે. રાફેલ પર રાહુલ ગાંધી છ મહિનાથી સતત ખોટા નિવેદન કરી રહ્યા છે. તેઓ ગોવાના મુખ્યમંત્રી અને મંત્રીઓને ખોટી વાત કરી રહ્યા છે. આ દેશની કમનસીબી છે કે, દેશની સૌથી જુની કોંગ્રેસ પાર્ટી જે પાર્ટીને મહાન લોકો નેતૃત્વ કરી ચુક્યા છે તે પાર્ટીના લોકોમાં આજે એવા વ્યક્તિ છે જે લોકોને યુદ્ધ વિમાનને લઈને સામાન્ય સમજણ પણ નથી. કેન્દ્રીયમંત્રીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ફ્રાંસની સરકારે પોતાના પુર્વ પ્રમુખ ફ્રાન્સવા ઓલાંદના નિવેદનને ફગાવી દઈને કહ્યું હતું કે, ૫૦૦ વિરુદ્ધ ૧૬૦૦ની જે તક આપવામાં આવી છે તેનું કારણ એ છે કે, કેટલાક પરિવારો અને નેતાઓને પૈસાની ગણતરી સમજાય છે પરંતુ દેશની સુરક્ષાની ગણતરી સમજાતી નથી. બોફોર્સ કૌભાંડમાં દલાલ ક્વાટ્રોચીને મિસ્ટર ક્યુ તરીકે સંબોધીને જેટલીએ રાહુલ ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધી ક્યુના ખોળામાં રમતા હતા. જેટલીએ બોફોર્સ અને નેશનલ હેરાલ્ડ કેસના મુદ્દા ઉઠાવ્યા હતા. ઓગસ્ટા વેસ્ટલેન્ડ કેસમાં કોર્ટમાં સન ઓફ ઈટાલિયન લેડી, આરના નામનો ઉલ્લેખ પણ કર્યો હતો. જેટલીએ કહ્યું હતું કે, આ ત્રણ ઉપર ધ્યાન આપવાના બદલે કોંગ્રેસ પાર્ટી બિનજરૂરીરીતે રાફેલ મુદ્દાને ઉઠાવી રહી છે.

જેટલીએ કહ્યું હતું કે, રાફેલ દેશની સુરક્ષા સાથે જોડાયેલા વિમાન છે. કારગિલ યુદ્ધના સમયે અમારી પાસે રાફેલ જેવા યદ્ધ વિમાન ન હતા. જો આવા વિમાન રહ્યા હોત તો ખુબ ફાયદો થયો હતો. ૧૦૦ કિમીથી પણ વધારે અંતરથી મિસાઈલો આ વિમાનથી ઝીંકી શકાય છે. ૨૦૦૧માં સેનાએ આ પ્રકારના વિમાન ખરીદવાની વાત કરી હતી. ૨૦૦૭માં છ બિડ આવ્યા હતા. ૨૦૦૭માં ડસોલ્ટ અને યુરો ફાઈટરને યોગ્ય ગણવામાં આવ્યા હતા. તે વખતે રાફેલને મંજુરી અપાઈ ન હતી. રાફેલ દસ્તાવેજો ૨૦૧૨માં કોંગ્રેસ સરકારના સંરક્ષણ મંત્રી પાસે પહોંચ્યા હતા તે વખતે સેના અને અન્ય તરફથી દબાણ હતું.

શ્રી અન્નપૂર્ણા વ્રતની આજે પૂર્ણાહુતિ

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતા વિઘ્નેશ્વરી ધામ પંચદેવ મંદિરે છેલ્લા ૨૧ દિવસથી સવારના સાત વાગ્યાથી ધૂન ચાલતી હતી, જેમાં માણસા તેમજ આજુબાજુના કુલ ૭૩ મંડળોએ ભાગ લીધો હતો. જેમાં ગલથરા, પ્રતાપનગર, પરબતપુરા, ગુલાબપુરા, બોરૂ, માણેકપુર, વાગોસણા, ઈટાદરા, લિંબોદરા, ગાંધીનગર, થલતેજ, જામળા, રીદ્રોલ, ઈન્દ્રપુરા, ફતેપુરા, સોલૈયા, ચરાડા, વડોદરા, ધમેડા, દેલવાડ, સોજા, ખોરજ, રામપુરા, મકાખાડ અને માણસાના મંડળોની ૧૨૦૧ જેટલી બહેનોએ ૨૧ દિવસમાં જે ધૂન બોલાવી તેના ૪૦ કરોડ ૮૨ લાખ ૪ હજાર મંત્રો થયા હતા. આ સિવાય બીજા અગણીત ભક્તોએ માતાના દર્શનનો અને ધૂનનો લાભ લીધો હતો. સંસ્થાના માનદ્ મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે આજે પૂર્ણાહુતીના દિવસે હાજરી આપી હતી અને બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. આવતા વર્ષે પણ અખંડધૂન માટે આમંત્રણ પાઠવ્યું હતું.

અમદાવાદમાં સીએ સ્ટુડન્ટ્સ માટે ૫ અને ૬ જાન્યુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈ આરસીની અમદાવાદ બ્રાન્ચ દ્વારા તા. ૫ અને ૬ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ આંતરરાષ્ટ્રી